**તાપમાન**
મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૨૦ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૫૩ | ૪ મે, ૨૦૧૬, બુધવાર ; ચૈત્ર વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ગુડવિલ એમ્બેસેડર તરીકે સચિન તેંડુલકર પણ રહેશે



નવીદિલ્હી,તા. ૩

મહાનગર ક્રિકેટ સચિન તેંડુલકરે આગામી રિયો ઓલિમ્પિક માટે દેશમાં ગુડવિલ એમ્બેસેડર બનવા ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન (આઈએઓ)નું આમંત્રણ સ્વીકારી લીધું છે. આની સાથે જ આઈઓએ દ્વારા ગુડવિલ એમ્બેસેડર તરીકે રોકવામાં આવેલા હસ્તીઓમાં સચિન તેંડુલકર ત્રીજી હસ્તી બની ગઈ છે. બોલીવુડ સુપર સ્ટાર સલમાન ખાન અને સુપર અભિનવ બિદ્રાની પસંદગી પહેલાથી જ કરવામાં આવી ચુકી છે.

# નીટ મામલે સરકારોની અરજીઓનો જવાબ આપવા એમસીઆઈને આદેશ

**સુપ્રીમ કોર્ટે મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને આદેશ કર્યો : આ વર્ષે અલગ પરીક્ષા યોજવા સરકારોની અરજીના સંદર્ભમાં સુપ્રીમ કોર્ટનો મહત્વપૂર્ણ હુકમ : એમસીઆઈ કામગીરી પર નજર રાખવા પેનલની રચના**

નવી દિલ્હી, તા.૩

ભારે ચર્ચા જગાવનાર નેશનલ ઈલિજીબિલીટી એન્ટ્રેન્સ ટેસ્ટ (નીટ)ના સંદર્ભમાં મોટા ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે આજે આ વર્ષે અલગ પરીક્ષાઓ યોજવા માટે રાજ્ય સરકારોની અરજી પર જવાબ આપતા મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (એમસીઆઈ)ને આદેશ કર્યો છે. એમસીઆઈ દ્વારા ગુરુવારના દિવસે અરજીઓ ઉપર જવાબ આપવામાં આવશે. આ ઘટનાક્રમ તે સમયે આવ્યો છે ત્યારે સુપ્રીમ કોર્ટે કેટલાક રાજ્યો અને ખાનગી મેડિકલ કોલેજો દ્વારા કરવામાં આવેલી અરજી ઉપર સુનાવણી હાથ ધરી હતી. કેટલીક રાજ્ય સરકારો અને ખાનગી મેડિકલ કોલેજો દ્વારા એમબીબીએસ અને બીડીએસ કોર્સમાં પ્રવેશ માટે અલગ ટેસ્ટ યોજવાને ચાલુ રાખવાની પરવાનગી માંગી હતી.

અગાઉ સુપ્રીમ કોર્ટે સોમવારના દિવસે નીટના સંદર્ભમાં એમસીઆઈની કામગીરી ઉપર નજર રાખવા ત્રણ સભ્યોની પેનલની રચના કરી હતી. આ પેનલનું નેતૃત્વ ભારતના ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ આરએમ લોધા દ્વારા કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટે મધ્યપ્રદેશ કાયદાની જોગવાઈને યોગ્ય ઠેરવી હતી જેમાં ખાનગી ડેન્ટલ કોલેજોમાં મેનેજમેન્ટ સીટમાં ૫૦ ટકા હિસ્સેદારી રાખવા સરકારને સમર્થ ગણાવવામાં આવી છે. કાર્યક્રમ મુજબ ઓલ ઈન્ડિયા પ્રિ-મેડિકલ ટેસ્ટ (એઆઈપીએમટી)ની પરીક્ષા જે પહેલી મેના દિવસે યોજવામાં આવી હતી તેને નીટના પ્રથમ રાઉન્ડ તરીકે ગણવામાં આવશે.

જો કે, એઆઈપીએમટી માટે અરજી નહીં કરનાર વિદ્યાર્થીઓને ૨૪મી જુલાઈના દિવસે બીજા રાઉન્ડમાં ઉપસ્થિત રહેવા માટે કહેવામાં આવ્યું છે. સંયુક્ત પરિણામ ૧૭મી ઓગસ્ટના દિવસે જાહેર કરવામાં આવશે.

૩૦મી સપ્ટેમ્બર સુધી પ્રવેશ પ્રક્રિયાને પૂર્ણ કરવાના હેતુસર ૧૭મી ઓગસ્ટના દિવસે પરિણામ જાહેર કરવામાં આવશે. ૩૦મી સપ્ટેમ્બરની ડેટલાઈન અગાઉના આદેશોમાં સુપ્રીમ કોર્ટે નક્કી કરતા આને લઈને કોઈ દુવિધા હવે રહી નથી.

## ખેલ રત્ન માટે કોહલીના નામની ભલામણ કરાઈ

**બીસીસીઆઈ દ્વારા વિધિવત રીતે ભલામણ : કોહલીએ ક્રિકેટના ક્ષેત્રમાં એક પછી એક ઉલ્લેખનીય સિદ્ધિઓ મેળવી : રહાણે માટે અર્જુન એવોર્ડની ભલામણ**



નવીદિલ્હી, તા. ૩

ભારતના સ્ટાર ક્રિકેટર વિરાટ કોહલી માટે ખેલ રત્નની ભલામણ કરવામાં આવી છે. દેશના સૌથી મોટા રમત ગમત સમ્માન માટે કોહલીના નામની ભલામણ કરવામાં આવી છે. રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ માટે વિરાટના નામની ભલામણ કરવામાં આવી છે જ્યારે રહાણેની પ્રતિષ્ઠાજનક અર્જુન એવોર્ડ માટે ભલામણ કરવામાં આવી છે. બીસીસીઆઈ તરફથી બંનેના નામની ભલામણ કરવામાં આવી છે. છેલ્લા બે વર્ષથી વિરાટ કોહલી માત્ર શાનદાર બેટિંગ જ કરી રહ્યો નથી બલ્કે ટેસ્ટ ફોર્મેટમાં ભારતના કેપ્ટન તરીકે પણ ઉલ્લેખનીય કામગીરી અદા કરી રહ્યો છે. એમએસ ધોનીની જગ્યાએ તેને ટેસ્ટ કેપ્ટનની જવાબદારી સોંપવામાં આવી હતી. વિરાટ કોહલીએ શ્રીલંકામાં તેના નેતૃત્વમાં શ્રેણી જીતી હતી. ત્યારબાદ દક્ષિણ આફ્રિકા સામે ઘરઆંગણે પણ ૩-૦થી શ્રેણી જીતી હતી. આની સાથે જ ભારતીય ટીમ ટેસ્ટ રેંકિંગમાં નંબર વન બની ગઈ હતી. કેપ્ટન તરીકે કોહલીની સફળતાની સાથે સાથે બેટિંગમાં પણ તેનો રેકોર્ડ ઉલ્લેખનીય રહ્યો છે. જો કોહલીને આ સન્માન મળશે તો સચિન તેંડુલકર, મહેન્દ્રસિંહ ધોની બાદ આ એવોર્ડ મેળવનાર તે ત્રીજો ક્રિકેટર બનશે. રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડને ભારતના સૌથી મોટા એવોર્ડ તરીકે ગણવામાં આવે છે. રહાણે માટે પણ ભલામણ કરવામાં આવી છે. ખેલરત્ન એવોર્ડના ભાગરુપે ૭.૫ લાખની રોકડ રકમ, પ્રમાણપત્ર આપવામાં આવે છે. જ્યારે અર્જુન એવોર્ડના ભાગરુપે પાંચ લાખ અને પ્રમાણપત્ર આપવામાં આવે છે. બીસીસીઆઈ તરફથી ભલામણ પણ મળી ચુકી છે. તેમના નામો એવોર્ડ પસંદગી કમિટિને મોકલી દેવામાં આવ્યા છે. રમતગમત મંત્રાલયના અધિકારી દ્વારા આ મુજબની વાત કરવામાં આવી છે.

## સોનિયા અને રાહુલ ગાંધી તમિળનાડુમાં પ્રચાર કરશે

કોઈમ્બતુર,તા. ૩

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી પાંચમી અને સાતમી મેના દિવસે તમિળનાડુમાં આક્રમક ચૂંટણી પ્રચાર કરનાર છે. સોનિયા ગાંધી ડીએમકે-કોંગ્રેસ ઉમેદવારોના ટેકામાં પાંચમી મેના દિવસે ચેન્નાઈમાં ડીએમકેના વડા કરૂણાનિધિ સાથે એક મંચ ઉપર નજરે પડશે. જ્યારે ઉપપ્રમુખ રાહુલ ગાંધી સાતમી મેના દિવસે ત્રણ શહેરોમાં ચૂંટણી સભા કરનાર છે.

## ઓગષ્ટા લાંચ પ્રકરણે આજે તમામ માહિતી જાહેર થશે

નવી દિલ્હી, તા.૩

વીવીઆઈપી હેલિકોપ્ટર લાંચ કોંભાડમાં હાલમાં ગરમી શાંત થાય તેવી કોઈ શક્યતા દેખાઈ રહી નથી. સરકાર ચોથી મેના દિવસે એટલે કે આવતીકાલે બુધવારે સંસદમાં ઓગષ્ટા વેસ્ટલેન્ડ સમજુતી અંગે તમામ દસ્તાવેજ સહિત તમામ વિગતો પુરી પાડવાની તૈયારીમાં છે.જેથી આ મુદ્દે ભારે ધાંધલ ધમાલ બુધવારે થાય તેવી શક્યતા છે. બીજી બાજુ મોદી સરકાર કોંગ્રેસને વધારે ભીંસમાં લેવાં માટે તૈયાર છે. કેન્દ્રિય સંરક્ષણ પ્રધાન મનોહર પારિકર કહી ચુક્યા છે કે અનેક વીવીઆઈ લોકો સડોવાયેલા છે. અહેમદ પટેલનુ નામ પણ સપાટી પર આવી ચુક્યુ છે. એક પરિવારનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પરિવાર અંગે માહિતી આપવામાં આવી નથી. અત્રે નોંધનીય છે કે ઓગસ્ટા વેસ્ટલેંડ હેલિકોપ્ટર સમજૂતિમાં ઈટાલીની એક અદાલતે હાલમાં જ મોટો ખુલાસો કર્યા બાદ ભારતમાં જોરદાર રાજકીય ગરમી છે.

# એફ-૧૬ ફાઈટર વિમાનો માટે પાકને પૂર્ણ કિંમત ચુકવવી પડશે

**ટોપ અમેરિકી સેનેટરોની રજૂઆત બાદ અમેરિકાનો નિર્ણય : અમેરિકાના નિર્ણયથી પાકિસ્તાનને મોટો ફટકો : ભારત સહિતના દેશોના દબાણ અને અમેરિકી સેનેટરોના કઠોર વલણ બાદ પાકિસ્તાનને રાહત નહી**

વોશિંગ્ટન,તા. ૩

ટોપ અમેરિકી સેનેટરો દ્વારા પાકિસ્તાનને આઠ એફ-૧૬ ફાઈટર વિમાનના વેચાણ માટે પોતાના કરદાતાના પૈસાનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મુકી દીધા બાદ ઓબામા વહીવટીતંત્ર દ્વારા પાકિસ્તાનને સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે પાકિસ્તાનને આ વિમાનની ખરીદી પર પૂર્ણ રકમની ચુકવણી કરવી પડશે. અમેરિકાના વિદેશ મંત્રાલયના પ્રવકતા જોન કિર્બીએ કહ્યુ હતુ કે કોંગ્રેસે વેચાણને મંજુરી આપી દીધી છે પરંતુ મહત્વપૂર્ણ સભ્યોએ સ્પષ્ટતા કરી છે કે તે તેમના સમર્થન માટે એફએમએફના ઉપયોગને લઈને વાંધો ધરાવે છે. કોંગ્રેસના વાંધા બાદ પાકિસ્તાન સરકારને સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે એફ-૧૬ વિમાનની ખરીદી માટે પૂર્ણ રકમની ચુકવણી કરવી પડશે.



હાઈડ્રોજન બાઈક - તામીલનાડુ ડિંડીગુલના એન્જિનિયરીંગ કૉલેજમાં અભ્યાસ કરતાં આર. બાલાજી, ગૌતમ રાજ અને ખાલીદ ઈબ્રાહિમે પર્યાવરણને અનુકૂળ ઈંધણથી ચાલતી હાઈડ્રોજન બાઈક બનાવી છે... ફોર સ્ટ્રોક બાઈકમાં હાઈડ્રોજનને વૈકલ્પિક ઈંધણ તરીકે ઉપયોગ કરી શકાય છે એ થીયરીના આધારે બાઈકનું નિર્માણ કરાયું છે... અન્ય ઈંધણોની સરખામણીમાં હાઈડ્રોજન સસ્તુ છે...

# ગુજરાતના ભાજપના સાંસદોની મહત્વની બેઠક દિલ્હીમાં યોજાઈ

**વિધાનસભા ચૂંટણી, અન્ય મુદ્દાઓ ઉપર ચર્ચા : અમિત શાહ, વિજય રૂપાણી સહિતના ભાજપના તમામ વરિષ્ઠ નેતા હાજર રહ્યા : સરકારની સિદ્ધિઓ પર ચર્ચા**

અમદાવાદ,તા. ૩

ભાજપ પ્રમુખ અમિત શાહના નેતૃત્વમાં આજે અતિમહત્વપૂર્ણ બેઠક રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં યોજાઈ હતી. રાજકોટના સાંસદ મોહન કુંડારિયાના આવાસ ઉપર યોજાયેલી આ બેઠકમાં ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ વિજય રૂપાણી, હરિભાઈ ચૌધરી પણ ઉપસ્થિતિ રહ્યા હતા. ઉપરાંત અન્ય ભાજપ સાંસદો અને અન્યો પણ હાજર રહ્યા હતા.

ભાજપ સાંસદોને આ બેઠકમાં પક્ષ પ્રમુખ અમિત શાહે જરૂરી ટિપ્સ પુરી પાડી હતી. વિધાનસભાની ચૂંટણી વર્ષ ૨૦૧૭માં યોજાનાર છે ત્યારે આક્રમક વ્યૂહરચના તૈયાર કરવામાં આવી રહી છે.

આજે યોજાયેલી બેઠકમાં વિવિધ પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૭માં યોજાનારી ચૂંટણી માટેની તૈયારીની રુપરેખા ઉપર બેઠકમાં ચર્ચા થઈ હોવાનું માનવામાં આવે છે.

આ બેઠકમાં કેન્દ્ર અને રાજ્ય વચ્ચે સંકલનના પાસા ઉપર પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. સૂત્રોએ કહ્યું છે કે, મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને રાજ્યના સાંસદોની બેઠક થોડાક મહિના અગાઉ પણ યોજવામાં આવી હતી. આ બેઠક બાદ મુખ્યમંત્રીએ કેન્દ્ર સરકાર સમક્ષ વિવિધ મુદ્દાઓને લઈને રજૂઆત કરી હતી.

ગુજરાતમાં લોકોમાં નારાજગી જગાવી રહેલા મુદ્દાઓને ગંભીરતાથી હાથ ધરી આગળ વધવા સભ્યોને સૂચન કરાયું હોવાનું જાણવા મળ્યું છે. ભાજપ પ્રમુખ તમામ સાંસદોને કેન્દ્ર સરકારની જુદી જુદી યોજનાઓના સંદર્ભમાં લોકોને માહિતગાર કરવા સૂચન કરવામાં આવ્યું હતું.

## રાજ્યભરમાં ગરમીનો પારો પુનઃ ઉચકાયો

**પાટનગર ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી રહ્યું**

અમદાવાદ, તા.૩

ગુજરાતમાં વાતાવરણમાં પલટા વચ્ચે સોમવારના દિવસે તાપમાનમાં આંશિક ઘટાડો થયા બાદ આજે ફરીવાર મોટાભાગના વિસ્તારોમાં ગરમીનો પારો ઉપર ગયો હતો અને લોકોએ તીવ્ર ગરમીનો અનુભવ કર્યો હતો. અમદાવાદ શહેરમાં આજે મહત્તમ તાપમાન ૪૨.૫ ડિગ્રી રહ્યું હતું જ્યારે લઘુત્તમ તાપમાન ૨૪.૬ ડિગ્રી રહ્યું હતું જ્યારે વડોદરામાં ૪૨.૪ અને અમરેલીમાં ૪૨.૬ ડિગ્રી તાપમાન રહ્યું હતું. સૌરાષ્ટ્ર અને કચ્છમાં કાળઝાળ ગરમીનું મોજુ ફરી વળ્યું છે. રાજ્યના પાટનગર ગાંધીનગરમાં પારો ૪૨ સુધી પહોંચ્યો હતો. ગઈકાલે ગાંધીનગરમાં વરસાદી છાંટા પડ્યા હતા જેથી તાપમાનમાં આંશિક ઘટાડો રહ્યો હતો પરંતુ આજે પારો ફરી વધ્યો હતો.

## જામીન માટે હાર્દિક લેખિતમાં ખાતરી આપવા તૈયાર

અમદાવાદ, તા.૩

પાટીદાર સમુદાય માટે અનામતની માંગણીને લઈને રાજ્યભરમાં આંદોલન છેડનાર પાટીદાર લીડર હાર્દિક પટેલની જામીન અરજી ઉપર હવે આવતીકાલે મહત્વપૂર્ણ ફેંસલો કરવામાં આવશે. હાર્દિક પટેલના જામીનને લઈને છેલ્લા કેટલાક દિવસથી ચર્ચા ચાલી રહી છે. હાર્દિકને જામીન મળશે તો તેની મુક્તિનો માર્ગ મોકળો થશે. હાર્દિક પટેલની અરજી પર હાઈકોર્ટમાં સુનાવણી વેળા આજે હાર્દિકે બાંહેધરી આપી હતી કે, લોકશાહીરીતે આંદોલનને ચાલુ રાખવામાં આવશે. કોઈપણ પ્રકારના હિંસક ઉચ્ચારણો કરવામાં આવશે નહીં.કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અસર થાય તેવી પ્રવૃત્તિથી દૂર રહેવાની ખાતરી હાર્દિક દ્વારા આપવામાં આવી છે.





